# બ્રોંકિઅલિટિસ વિષે સલાહપત્રક

(નાના બાળકોમાં કફનું ચાલુ કારણ, થોડોક તાવ અને પોષણની (ફીડીંગ) મુશ્કેલીઓ)
1 વર્ષ કરતાં નાના બાળકોના માબાપો અને કેરર્સ માટે સલાહ

Sussex and Surrey NHS
Children & Young People's Urgent Care Network

બાળકનું નામ _______________ ઉંમર ____ સલાહના સમયે તારીખ /સમય __________

વધારે સલાહ/અનુવર્તી (ફોલો અપ) ______________________________

પ્રોફેશનલનું (ધંધાધારી) નામ _______________ પ્રોફેશનલની (ધંધાધારી) સહી __________

## તમારા બાળકની તબિયત કેવી છે? ( ટ્રેફિક લાઈટવાળી સલાહ)

**લાલ**

જો તમારા બાળકને નીચે જણાવેલમાંનુ કોઈ એક હોયઃ
- બ્લ્યૂ (વાદળી રંગના) હોઠ (લિપ)
- અથવા ખૂબજ ખીજવાઈ જાય અને અથવા જવાબ આપતુ ન હોય
- અથવા શ્વાસ લેવામાં પરિશ્રમ પડતો હોય
- અથવા શ્વાસ લેવામાં અટકી કે બંધ થતો હોય
- અથવા શ્વાસ લેવામાં અનિયમિત કે બદલાતી રીત (પેટર્ન)

**તમને તાકીદે મદદની જરૂર છે**
કૃપા કરી 999 ફોન કરો અથવા સૌથી નજીકની હોસ્પિટલ ઈમર્જન્સિ (A&E) ડિપાર્ટમેન્ટમાં જાઓ.

**પીળા**

જો તમારા બાળકને નીચે જણાવેલમાંનુ કોઈ એક હોયઃ
- ઘટતુ રહેલ પોષણ (ફીડીંગ)
- અથવા સામાન્ય કરતાં ઓછો પેશાબ થતો હોય
- અથવા ઉલટી કરતુ હોય
- અથવા 38°C કરતાં વધારે તાવ (ટેમ્પરેચર) હોય
- અથવા શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય
- અથવા જો તમારા બાળકનું આરોગ્ય બગડે અથવા તમે ચિંતિત બનો

**તમારે આજેજ ડોક્ટર અથવા નર્સના સંપર્કની જરૂર છે**
કૃપા કરી તમારી જીપી (GP) સર્જરિમાં ફોન અથવા NHS 111 ફોન કરો - ડાયલ 111

**ગ્રીન**

જો લાલ અથવા એમ્બર (પીળા રંગની) બોક્સમાંથી ઉપરના કોઈ લક્ષણો ન હોય.

**સ્વયં સંભાળ**
પાછળના પાનાની સલાહનો ઉપયોગ કરી ઘરે તમારા બાળકની જરૂરી સંભાળ રાખો

First Version: May 2011 • Final Version: Nov 2013 • Review Date: Nov 2015

## અમુક ઉપયોગી ફોન નંબરો (તમને કદાચ અહીંયા થોડાંક વધારે નંબરો ઉમેરવાની ઈચ્છા થઈ શકે)

**જીપી (GP) સર્જરિ**
(અહીંયા નંબરની નોંધ કરો)
..........................................

**NHS 111**
**ડાયલ 111**
( 24 કલાકો - અઠવાડિયાના 7 દિવસો મળી રહે)

**હેલ્થ વિઝિટીંગ ટીમ**
(અહીંયા નંબરની નોંધ કરો)
..........................................

ઓનલાઈન સલાહ માટે: NHS Choices **www.nhs.uk** (24 કલાકો – અઠવાડિયાના 7 દિવસો મળી રહે)
ફેમિલિ ઈન્ફર્મેશન સર્વિસ: ટેલિ: 01243 777807 વેબસાઈટ:: **www.westsussex.gov.uk/family**

જો તમને ભાષામાં સપોર્ટ અથવા તરજૂમા કે ભાષાંતરની જરૂર પડે તો, કૃપા કરી તમે જે સ્ટાફના સભ્ય સાથે વાતચીત કરતા હો તેઓને જણાવો.
આ દસ્તાવેજની વધારે નકલો માટે, કૃપા કરી અમને ઈમેઈલ કરોઃ
Chichester / Worthing area: contactus.coastal@nhs.net • Crawley area: CCCG.Contactus-crawleyccg@nhs.net
Horsham / Mid Sussex area: HSCCG.Contactus-horshamandmidsussexccg@nhs.net.

# બ્રોંકિઅલિટિસ વિષે સલાહપત્રક

(નાના બાળકોમાં કફનું ચાલુ કારણ, થોડોક તાવ અને પોષણની (ફીડીંગ) મુશ્કેલીઓ)

1 વર્ષ કરતાં નાના બાળકોના માબાપો અને કેરર્સ માટે સલાહ

Sussex and Surrey NHS
Children & Young People's
Urgent Care Network

## બ્રોંકિઅલિટિસ (શ્વાસ નળીમાં સોજો) એ શું છે?

બ્રોંકિઅલિટિસ (Bronchiolitis) એ કોઈ એક ચેપી રોગ છે કે જેમાં તમારા બાળકના ફેફસાના સૌથી નાના હવાના માર્ગમાં સોજો આવે. આથી બાળકને શ્વાસ લેવાનું વધારે મુશ્કેલ બને. બ્રોંકિઅલિટિસ વિષાણુવાળા ચેપથી થાય. શિયાળામાં તે સામાન્ય હોવાથી, હળવા શરદીના લક્ષણો સામાન્યરીતે પેદા કરે. મોટા ભાગના બાળકો પોતાની મેળે સારા થતા હોય છે. અમુક બાળકો, ખાસ કરીને ખૂબજ નાના વયનાને, શ્વાસ કે પોષણ લેવામાં મુશ્કેલી પડે અને હોસ્પિટલમાં જવાની જરૂર રહે છે.

## રોગના લક્ષણો શું હોય છે?

- તમારા બાળકના નાકમાંથી પ્રવાહી ચાલુ નીકળવાથી, કોઈકવખત કદાચ તાવ અને કફ હોઈ શકે
- થોડાંક દિવસો પછી બાળકનો કફ કદાચ વધારે બગડે
- કદાચ તમારા બાળકના શ્વાસોચ્છશ્વાસ વધારે ઝડપી બને અને તેમાં અવાજ સંભાળાય શકે
- કદાચ શ્વાસ લેવામાં તેને કે તેણીને વધારે પ્રયત્ન કરવાની જરૂર રહે
- કદાચ, ખૂબજ નાના બાળકોમાં, બ્રોંકિઅલિટિસને કારણે શ્વાસ લેવામાં તેઓને થોડોક વિરામ લેવો પડે
- જો તમને ફિકર- ચિંતા થાય તો પાછળના પાને આપેલ ટ્રેફિક લાઈટ સલાહ જૂઓ
- જેમ જેમ શ્વાસોચ્છશ્વાસ (બ્રીધિંગ) વધારે મુશ્કેલ બને તેમ તેમ તમારું બાળક કદાચ તેના હંમેશ પ્રમાણનું સ્તનપાન (બ્રેસ્ટ) અથવા બોટલનું દૂધ ન લઈ શકે
- તમને કદાચ હંમેશના કરતાં ઓછી ભીની નેપ્પિસ જોવા મળે
- તમારું બાળક પોષણ લીધા બાદ ઉલટી કરી અને ખીજવાય જાય

## હું મારા બાળક- બચ્ચાને કેવી રીતે મદદ કરી શકું?

- જો તમારા બાળકનું પોષણ સામાન્ય ન હોય તો વધારે વારંવાર અને થોડાંક પ્રમાણનું પોષણ આપો
- બ્રોંકિઅલિટિસવાળા બાળકો અસ્વસ્થતા અને કંગાલ સ્થિતિના થોડાંક લક્ષણો બતાવે. તમને આવા ચિહ્નોમાં તેને પ્રવાહી પારાસિટિમોલ કે પ્રવાહી આઈબ્રૂપ્રોફેન આપી અને થોડીક રાહત આપવાની ઈચ્છા થઈ શકે. આમ છતાં પણ, ધ્યાન રાખશો કે આથી બીમારીની તીવ્રતા કે તેની અવધિમાં ફેરફાર થઈ ન શકે. કૃપા કરી દવાની માત્રામાં આપેલ સૂચનાઓ વાંચી અને અનુસરો.
- બધીજ ઉંમર- વયના જૂથો કે ગ્રૂપ્સ માટે OTC દવા ખરીદવા માટે મળી ન શકે. ફાર્મસિસ્ટને પૂછો.
- જો તમારું બાળક પહેલેથી દવાઓ કે ઈનહેલર લેતુ હોય તો, તમારે તેનો ઉપયોગ કરવાનું ચાલુ રાખવું જોઈએ. જો તમને એવું લાગે કે તમારા બાળકને તે લેવામાં મુશ્કેલી પડે છે તો તમારા ફાર્મસિસ્ટ, હેલ્થ વિઝિટર અથવા જીપીને (GP) પૂછો. બ્રોંકિઅલિટિસનું કારણ વાઈરસ હોવાથી, એન્ટિબાયોટિકસ મદદરૂપ બની ન શકે.
- ખાતરી કરો કે તમારું બાળક ટેબેકોના ધૂમાડો લેતુ ન હોય. નિષ્ક્રિયરીતે ધૂમ્રપાનની અસર બાળકના સ્વાસ્થયને ગંભીર નુકસાન કરી શકે. તે બ્રોંકિઅલિટિસ જેવી શ્વાસની સમસ્યાને વધારે બગાડી શકે.
- ભલે તમે બહાર ધૂમ્રપાન કરો તો પણ ધુમોડો તમારા લૂગડામાં રહે છે તે ધ્યાન રાખશો. જો તમને ધૂમ્રપાન છોડી દેવામાં મદદની જરૂર જણાય તો, તમે તમારી સ્થાનિક (લોકલ) જીપી (GP) સર્જરિ અથવા વેસ્ટ સસેકસ સ્ટોપ સ્મોકીંગ સર્વિસની (West Sussex Stop Smoking Service) હેલ્પલાઈન દ્વારા ફોન કરવાથી સલાહ મળી શકે: ટેલિ: 0300 100 1823 – સોમવારથી શુક્રવાર સવારના 9 થી સાંજના 5 સુધી
(અથવા નેશનલ સ્ટોપ સ્મોકીંગ હેલ્પલાઈનને ટેલિ: 0800 169 0 169 ઉપર સવારના 7 થી રાતના 11 સુધી દરરોજ ફોન કરી શકાય)

Based on Scottish Intercollegiate Guidelines (SIGN) 2006 Guideline No. 91 Bronchiolitis in children - http://www.sign.ac.uk/guidelines/fulltext/91/index.html

First Version: May 2011 • Final Version: Nov 2013 • Review Date: Nov 2015

## બ્રોંકિઅલિટિસ કેટલા સમય સુધી ચાલી શકે?

- બ્રોંકિઅલિટિસવાળા મોટા ભાગના બાળકોની માંદગી પહેલા 1-3 દિવસ વધારે બગડે પણ તે પછીના બે અઠવાડિયાઓમાં સુધરવાની શરૂઆત થઈ શકે. કફ થોડાંક વધારે અઠવાડિયાઓ સુધી ચાલુ રહે. એન્ટિબાયોટિકસની જરૂર ન રહે.
- જેટલુ જલદીથી તે અથવા તેણીને સારુ થાય ત્યારે તમારું બાળક પાછુ નર્સરિ કે ડે કેરમાં જઈ શકે (એટલેકે સામાન્ય પોષણ (ફીડીંગ) સાથે અને શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી ન હોય તો)
- જો બાળકની તબિયતમાં સારો સુધારો થતો હોય તો ઘણુ કરીને ડોકટરને જોવાની જરૂર ન પડે. પણ જો તમારા બાળકની તબિયતના વિકાસ વિષે ચિંતિત બનતા હો તો આની તમારા હેલ્થ વિઝિટર, પ્રેક્ટિસ નર્સ અથવા જીપી (GP) સાથે ચર્ચા કરો અથવા NHS 111 નો સંપર્ક કરો.

નીચે જણાવેલ સંદર્ભમાં આ માર્ગદર્શિકા લખવામાં આવેલ છેઃ મળી રહેલ પુરાવાની સંભાળપૂર્વક વિચારણા બાદ આ દસ્તાવેજ આવેલ છે કે જેમાં સમાવેશ છે પણ નહિ અનન્યપણે NICE, SIGN, EBM ડેટા અને NHS પુરાવો, જેમ લાગુ પડે તેમ ક્લિનિકલ નિર્ણય આપતી વખતે હેલ્થકેર પ્રફેશનલ્સ તેનો સંપૂર્ણ ખ્યાલ રાખે. આમ છતાં પણ, દરદી અને/અથવા કેરર સાથે સલાહમંત્રણા કરવામાં વ્યક્તિગત દરદીના સંજોગો માટે યોગ્ય નિર્ણય કરવામાં આ માર્ગદર્શન હેલ્થકેર પ્રફેશનલ્સની વ્યક્તિગત જવાબદારીમાં તે ઉપરવટ થઈને કશું કરતું નથી.